# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-01-2025 Day : Wednesday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## સૂર્યકિરણ એરોબેટીક ટીમ

**નલિયાના પિંગલેશ્વર દરિયા કિનારે આજે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા એર શો યોજાયો હતો.**

**સાંભળીએ એક વિશેષ અહેવાલ**

**(વોઇસ કાસ્ટ : પરેશ મારૂ)**

***પિંગ્લેશ્વર ખાતે આજે એર શોને માણવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પિંગલેશ્વર મહાદેવના મંદિર ઉપરથી સુખોઈ અને જગુઆર વિમાનોએ ઉડાન ભરી અને આકાશને તિરંગાના રંગથી ભરી દીધું હતું. પાયલટના અવનવા કરતબથી પ્રેક્ષકો રોમાંચિત થઇ ઉઠ્યા હતા અને ભારતીય વાયુસેનને બિરદાવી હતી. સૂર્યકિરણ એરોબેટિક ટીમના ગ્રુપ કેપ્ટન કાર્તિકે 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરીએ ધોરડોના સફેદ રણમાં યોજાનાર એર શો વિશે માહિતી આપી હતી.***

***1996માં સ્થાપિત સૂર્યકિરણ એરોબેટિક ટીમ એશિયાની એકમાત્ર એરોબેટિક ટીમ છે, જેણે અત્યાર સુધીમાં ભારતમાં 500થી વધુ પ્રદર્શનો કર્યા છે. વિશ્વના સૌથી સર્વશ્રેષ્ઠ એરોબેટિક ટીમોમાં આ ટીમની ગણના થાય છે.***

**પરેશ મારૂ આકાશવાણી ભુજ**

**-------------------------------------------------------------------------------------------**

## ઈ-સમૃધ્ધિ પોર્ટલ

**રાજ્ય સરકાર તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી કરશે. વેચાણ કરવા માગતા ખેડૂતો આગામી 3થી 20 ફેબ્રુઆરી સુધી ઈ-સમૃદ્ધિ પૉર્ટલ પર ઑનલાઈન નોંધણી કરાવી શકશે. તુવેરની ખરીદી માટે 206 ખરીદ કેન્દ્ર સૂચિત કરાયા છે. ખેડૂતોના પોતાના પાકના પોષણક્ષમ ભાવ મળે તે હેતુથી કૃષિમંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, ખેડૂતો ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી VCE મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પૉર્ટલ પર નિ:શુલ્ક નોંધણી કરાવી શકશે.**

**------------------------------------------------------------------------------------------------**

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જાહેરનામું

**સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય મધ્યસત્ર પેટા ચૂંટણીના અનુસંધાને જિલ્લા મેજીસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા જુદા જુદા જાહેરનામા બહાર પાડવામાં આવ્યા છે. જે મુજબ ઉમેદવારી પત્રક ભરતી વખતે કચેરીમાં પાંચ વ્યક્તિઓ જ હાજર રહી શકશે. મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ બૂથ ઉભું કરી શકાશે નહીં. ચૂંટણી અંતર્ગત કોઈ મંડળી, સભા અને સરઘસ, પરવાનગી સિવાય ભરવા માટે મનાઈ ફરમાવી છે. રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના ૮ વાગ્યા સુધી મંડળી, સભા અને સરઘસની પરવાનગી નહીં આપવા ફરમાન કરાયું છે. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ચારથી વધુ વ્યક્તિઓ એકઠા થઈ શકશે નહીં તથા મોબાઇલ ફોન સહિતના સંદેશા વ્યવહારના કોઇ પણ ઇલેકટ્રોનિક ઉપકરણો લઇ જઇ શકશે નહીં. જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહી કરાશે.**

**------------------------------------------------------------------------------------------------**

## અવકાશ વેધ શાળામાં મુલાકાતીઓ

**ભુજમાં દેશની સૌથી મોટી અવકાશ વેધશાળાના લોકાર્પણ થયાના માત્ર 30 દિવસમાં એક હજાર 500થી વધુ મુલાકાતીઓ આવ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. યાદી મુજબ, પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે બનેલી આ વેધશાળામાં મુલાકાતીઓને અત્યાધુનિક ટૅલિસ્કોપ દ્વારા નિહારિકાઓ, ગ્રહો અને દૂરના તારા વિશ્વો જેવી અદભૂત અવકાશી ઘટનાઓ નિહાળવાની તક મળે છે.**

**ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગ હેઠળ ગુજકોસ્ટ દ્વારા ભુજમાં વેધશાળા બનાવવામાં આવી હતી. ભુજિયા ડુંગરની ટૉચ પર 10 એકરમાં ફેલાયેલું આ કેન્દ્ર આકર્ષક જગ્યાને કારણે શિક્ષણ સાથે મનોરંજન પણ પુરૂ પાડે છે.**

**---------------------------------------------------------------------------------------**

## જીપીએસસીનું કેલેન્ડર જાહેર

**ગુજરાત જાહેર સેવા આયોગ GPSCનું વર્ષ 2025 માટેનું કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. વિવિધ કેડરની એક હજાર 751 ભરતીમાં 160 ડેપ્યુટી સેક્શન ઓફિસર અને નાયબ મામલતદાર, શિક્ષણ સેવા વર્ગ-2ની 300 જગ્યાઓ, રાજ્ય વેરા નિરિક્ષકની ૩૨૩ અને વહીવટી સેવા વર્ગ 1, 2ની 100 જગ્યાઓ માટે ભરતી કરાશે.**

**---------------------------------------------------------------------------------------**

## ભચાઉ નજીક ભૂકંપનો આંચકો

**કચ્છના વાગડ વિસ્તારમાં આજે વહેલી સવારે 3 કલાક અને 13 મીનિટે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી રિસર્ચ કચેરીમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 3.0 નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી 19 કિલોમીટર દૂર જડસા ગામ નજીક નોંધાયું હતું. આ આંચકાએ લોકોને 2001ના વિનાશક ભૂકંપની યાદો તાજી કરાવી હતી, જેને હમણાં જ 26 જાન્યુઆરીએ 24 વર્ષ પૂર્ણ થયા છે.**

**---------------------------------------------------------------------------------------**